રજુ તારીખ : ૦૧.૦૬.૨૦૨૬
દાખલ તારીખ : ૦૧.૦૬.૨૦૨૬
નિકાલ તારીખ : ૦૯.૦૬.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૮

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૩૩૧/૨૦૨૬**

**આંક : ૦૬**

**અરજદાર :-** **ઈન્દ્રજીતસિંહ પ્રવિણસિંહ ઠાકોર,**
ઉ.વ.આ.૨૮, ધંધો : ખેતી/મજૂરી,
રહે. : જુના વલ્લભપુર,
તા.શહેરા(જી.પંચમહાલ)
હાલ – સંતરામપુર સબ જેલ.

**વિરૂદ્ધ**

**સામાવાળા :-** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત:- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વકીલ **શ્રી વી. એલ. સંભવાણી** |
| સામાવાળા તરફે વિ. પી.પી.**શ્રી એસ. આર. ડામોર** |

**- : : ઠરાવ : : -**

**(૧)** સદર અરજદાર સંતરામપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૭૨૬૦૪૬૩/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ), (ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬-બી મુજબનાં ગુનામાં જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૨૩.૦૫.૨૦૨૬ નાં રોજ નોંધાયેલ અને તે જ દિવસે અરજદારની અટક કરી, સંતરામપુરનાં મહે. એડી. ચીફ જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવેલ, જ્યાં તા.૨૬.૦૫.૨૦૨૬ સુધીનાં રીમાન્ડ આપેલ. ત્યારબાદથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદારે તે જ કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૧૦૮/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે તા.૩૦.૦૫.૨૦૨૬ નાં રોજ નામંજૂર થતા, હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદારનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદાર વિરૂદ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ અને તા.૨૩.૦૫.૨૦૨૬ નાં રોજ અટક કરવામાં આવેલ અને તા.૨૬.૦૫.૨૦૨૬ સુધીનાં રીમાન્ડ આપેલ. હાલનાં કામે રૂા.૯૮,૭૯૬/- નો ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારુનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. અરજદારને ફ્રેકચર થયેલ છે, જેની દવા-સારવાર ચાલું છે. વિ.ટ્રાયલ કોર્ટે જામીન અરજી નામંજૂર કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે, અરજદાર પાસેથી કહેવાતો કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી, અરજદારે હાલનાં ગુનામાં કોઇ ભાગ ભજવેલ નથી. અરજદારને ખોટી રીતે હાલનાં ગુનામાં સંડોવી અટક કરવામાં આવેલ છે. અરજદાર સામે આજીવન કેદ કે મોતની સજાનો કોઇ આક્ષેપ નથી. સદર ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. સદર ગુનાનો કેસ ચાલતાં લાંબો સમય લાગે તેમ હોય, જો અરજદારને જામીન ઉપર મુક્ત ન કરવામાં આવે તો પ્રિટ્રાયલ પનીશમેન્ટ ગણાશે. અરજદાર યુવાન છે, છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. અરજદાર શહેરા તાલુકાનાં કાયમી રહિશ છે, ક્યાંય નાસી-ભાગી જાય તેમ નથી. અરજદાર નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે તથા જામીન મુક્ત થયેથી અરજદાર પોલીસ તપાસનાં કામે પૂરો સાથ-સહકાર આપશે અને જ્યારે બોલાવે ત્યારે હાજર રહેશે. 'જામીન એ નિયમ અને જેલ એ અપવાદ' નાં સિદ્ધાંતને ધ્યાને લઇ, અરજદારને જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૪) જામીન અરજીનો વિરોધ કરતાં વિ.પી.પી.શ્રી એસ.આર.ડામોર નાઓએ રજુઆત કરેલ છે કે, હાલનાં ગુનાનાં કામે અરજદાર તથા અન્ય સહઆરોપી અલ્ટો ગાડીમાં મુદ્દામાલ દારુ લઇને આવતા હોય, પોલીસ નાકાબંધી દરમિયાન અરજદાર સ્થળ પરથી પકડાઇ ગયેલ અને અન્ય સહઆરોપી નાસી ગયેલ. અરજદાર સદર પ્રોહી. મુદ્દામાલ વેપાર કરવાનાં ઉદેશ્યથી લાવેલ. અરજદાર નાની વયનાં છે, જે જોતાં જો આ ઉંમરે આવો ધંધો કરે તો મોટા થઇને મોટો પ્રોહી. નો વ્યવસાય કરશે, જેથી અરજદાર તથા આવા બીજા નાની વયે ગુના કરતાં લોકોમાં કાયદાનો ડર બેસાડવો જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, હાલનાં કામે અરજદાર તથા અન્ય સહઆરોપી સુરપાલસિંહ દિલીપસિંહ સોલંકી નાઓ બંને જણા તેમના કબજા ભોગવટાની મારૂતી સુઝુકી કંપનીની અલ્ટો ગાડી, રજી. નં.જીજે-૧૭-એન-૮૫૮૧ માં રૂા.૯૮૭૯૬/- નાં પ્રોહી. મુદ્દામાલ સાથે પોલીસની નાકાબંધી દરમિયાન પકડાઇ જઇ ગુનો કરેલ છે. હાલનાં ગુનાની તપાસ ચાલુ છે, અન્ય આરોપી પકડવાનો બાકી છે. અરજદાર સામે પ્રથમદર્શનીય ગુનો છે, અરજદારની જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૫) બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા આ કામે રજુ અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ આંક-૫ તથા તપાસનાં કાગળો વંચાણે લીધાં.

(૬) ઉપરોક્ત તમામ હકીકતો તથા પોલીસ તપાસનાં કાગળો ધ્યાને લેતાં, હાલનો ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. અરજદારે પોતાના આર્થિક ફાયદા સારુ ગેરકાયદેસર રીતે અન્ય સહઆરોપી સુરપાલસિંહ દિલીપસિંહ સોલંકી નાઓએ પોતાના કબજાની અલ્ટો ગાડી નં.જીજે-૧૭-એન-૮૫૮૧ માં ભારતીય બનાવટનાં ઇંગ્લીશ દારુનાં ૫૦૦ ml નાં પતરાનાં ટીન બીયર નંગ-૯૬, ૧૮૦ ml નાં ક્વાટરીયા નંગ-૯૬ તથા ૩૭૫ ml ની બોટલ નંગ-૨૪ મળી કુલ રૂા.૯૮,૭૯૬/- નાં પ્રોહી. મુદ્દામાલ સાથે અરજદાર પકડાઇ જઇ ગુનો કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. સદર ગુનાનો મુદ્દામાલ કબજે થઇ ગયેલ છે. અગાઉ અરજદાર વિરૂદ્ધ ફતેપુરા, જી.દાહોદ ખાતે એક ગુનો નોંધાયેલ છે. અરજદારનાં વિ.વ. શ્રી દ્વારા

અરજદારને ફ્રેકચર થયેલાનું તથા દવા–સારવાર ચાલુ હોવાનું જણાવેલ છે, પરંતુ તે સંબંધીત કોઇ દસ્તાવેજો હાલની અરજી સાથે સામેલ રાખેલ નથી.

વધુમાં નામ. સુપ્રિમ કોર્ટનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાઓની ઉંડાણમાં ચર્ચા કરવાની હોતી નથી. જામીન અરજીનાં નિર્ણય સમયે આરોપી કેસ ચાલતા દરમિયાન હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું તેમજ ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક–ધમકી, લાલચ, પ્રલોભન આપી તોડે ફોડાવે નહીં અને ફરીથી આ પ્રકારનાં ગુનામાં સંડોવાય નહીં તે નક્કી કરવાનું હોય છે.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં તથા અરજદાર સામેનો ગુનો જયુડી. મેજી.ફ.ક. દ્ધારા ચલાવવાપાત્ર છે, હાલનાં ગુનામાં સજાની જોગવાઈ તથા હાલનાં અરજદારનો ગુનામાં ભાગ જોતાં તથા અરજદાર શહેરા તાલુકાનાં રહેવાસી હોય તથા કેસ ચાલતાં દરમિયાન અરજદારની હાજરી સરળતાથી મળી રહે તે માટે અરજદારને અમુક આકરી શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું થતું હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**–: હુકમ :–**

(૧) અરજદાર/આરોપી **ઇન્દ્રજીતસિંહ પ્રવિણસિંહ ઠાકોર,** ઉ.વ.આ.૨૮, ધંધો : ખેતી/મજૂરી, રહે. : જુના વલ્લભપુર, તા.શહેરા(જી.પંચમહાલ) હાલ – સંતરામપુર સબ જેલ નાઓની હાલની બી.એન.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા **ટ્રાયલ કોર્ટ**માં રજુ કર્યેથી સંતરામપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦ ૭૨૬૦૪૬૩/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ), (ઇ), ૮૧,

૮૩, ૯૮(૨), ૧૧૬–બી મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સદર કેસનાં સાક્ષીઓને ધાક–ધમકી આપી, પ્રલોભન, લાલચ આપી તોડવા ફોડવા નહીં તથા પુરાવા સાથે ચેડા કરવા નહીં.

(૨) અરજદાર/આરોપીએ ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી કોર્ટની પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારે કલાક ૧૧:૦૦ થી ૧૪:૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.

(૪) અરજદાર/આરોપીએ જામીન રજુ કરતી વખતે પોતાનું હાલનું સરનામું આધાર પુરાવા સાથે સંબંધીત કોર્ટ તથા ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરવું તથા કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન બિનચૂક હાજર રહેવું અને ટ્રાયલમાં પૂરતો સહકાર આપવો.

હુકમ આજરોજ તારીખ ૦૯ મી, માહે–જૂન, સને ૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯.૦૬.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

NDK